ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૧ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં આ દશેરાએ ફાફડા-જલેબી ઓછા ખવાશે

આ વર્ષે ઓનલાઈન ફાફડાનું વેચાણ : જેમાં હોમ ડિલીવરી ઉપલબ્ધ નથી હોતી પરંતુ પ્રીઓર્ડર કરેલું ફરસાણ દશેરાના દિવસે લાઈનમાં ઉભા રહ્યા વગર ટોકન નંબર બતાવીને મેળવી શકાય છે

ભાવ ૪૦૦ રૂપિયે કિલો છે, રૂપિયો કિલોએ વેચાઈ રહી પડતા તેની જગ્યાએ આ વર્ષે ડિલીવરી ઉપલબ્ધ નથી હોતી ઉભા રહ્યા વગર ટોકન નંબર

ગાંધીનગર, તા.૨૪

નવરાત્રી પુરી થઈને આજે દશેરા છે ત્યારે શહેરીજનો ઉત્સાહથી ફાફડા જલેબી આરોગશે. શહેરમાં ઠેર ઠેર ફાફડા જલેબીના સ્ટોર તથા મીઠાઈની દુકાનોમાં ફાફડા જલેબીના અલગ અલગ સેકશન પડી ગયા છે. આમ તો આ વર્ષે કોરોનોને કારણે તમામ તહેવારો ને તહેવારોની સિઝન વેપારીઓ માટે મંદ રહી છે પરંતુ દશેરાના તહેવારે ફાફડા જલેબી આરોગવાની વાત જ કાંઈક ઓર છે ત્યારે શહેરની મીઠાઈની દુકાનોમાં ફાફડાનો જલેબી ૨૮૦ રૂપિયે કિલો તથા ચોળાફળી પણ ૪૦૦ છે. પહેલા જેમ લાઈનમાં ઉભા રહીને ફાફડા ખરીદવા ઓનલાઈન ફાફડાનું વેચાણ પણ થઈ રહ્યું છે. જેમાં હોમ પરંતુ પ્રીઓર્ડર કરેલું ફરસાણ દશેરાના દિવસે લાઈનમાં બતાવીને મેળવી શકાય છે.

શહેરના વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે કોરોનાને કારણે દર વર્ષ કરતા આ વર્ષે ફાફડાનું ઉત્પાદન પણ ૪૦ થી ૫૦ ટકા ઓછું જ કરવામાં આવ્યું છે. સાથે સરકારની ગાઈડલાઈનને પણ અનુસરવામાં આવી છે.

આજનો દિવસ એટલે ફાફડા જલેબીની લિજ્જત માણવાનો દિવસ. એમાંય ગુજરાતીઓ આ બાબતે જરાય પાછા ન પડે. શોખીન શહેરીજનો આજે ફાફડા જલેબીની ભરપુર લિજ્જત માણશે અને હવે તો કોરોનાને કારણે સરકાર દ્વારા બહાર પડાયેલી ગાઈડલાઈન મુજબ બોકસ પેક ફાફડાનું જ વેચાણ થશે તથા જલેબી પણ પેકેટમાં જ પેકડ જ મળશે ત્યારે નગરના મીઠાઈ-ફરસાણના વેપારીઓનું કહેવું છે કે આ વર્ષે સરકાર દ્વારા કોરોનાને કારણે સોશિયલ ડીસ્ટન્સ જળવાય અને કોરોનાનો ફેલાવો અટકે તે અર્થે ઓનલાઈન ઓર્ડર સિસ્ટમ ડેલવપ કરવામાં આવી છે તથા બોકસ પેકીંગ ફાફડાનો કન્સેપ્ટ છે જેથી બહુ ભીડ અને લાઈન ન થાય અને દરેકને ફાફડા જલેબીની ડીલીવરી જલ્દીથી મળી રહે.

નેત્રમ શાખા દ્વારા કિશોરને બે કલાકમાં શોધી કઢાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં રેન્જ આઈજી અભય ચુડાસમા તથા એસપી મયુર ચાવડાના સીધા માર્ગદર્શનમાં નેત્રમ શાખા (સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ) તથા જિલ્લા સીસીટીવી કંટ્રોલરૂમ ચાલે છે. બે દિવસ પહેલાં જિલ્લા કંટ્રોલરૂમમાં સે-૧૬ ખાતે રહેતો ૧૪ વર્ષીય કિશોર ઘરેથી નીકળી ગયો હોવાનું ફોન આવ્યો હતો. જે અંગે જાણ કરતાં નેત્રમના ઈન્ચાર્જ પીએસઆઈ એ. એ. વછેટા તથા સીસીટીવી કંટ્રોલરૂમના ઈન્ચાર્જ પીએસઆઈ બી. પી. પટેલે ટીમો સક્રિય કરી હતી. જેમાં પોલીસે ઘરેથી સાઈકલ લઈને નીકળેલા કિશોરને સીસીટીવીના આધારે શોધ્યો હતો. જેમાં તેના રૂટની માહિતી મેળવતા છેલ્લે તેનું લોકેશન કોબા પાસે બતાવ્યું હતું. જેથી આ અંગે ઈન્ફોસિટી પોલીસને જાણ કરાતા પોલીસ કિશોરના પરિવાર સાથે ત્યાં પહોંચી ગઈ હતી. પરિવાર અને કિશોરના નિવેદનમાં સામે આવ્યું હતું કે, કિશોરને ધોરણ-૯માં ગણિત વિષયમાં ઓછા માર્ક્સ આવ્યા હતા. જેને પગલે તેને મનમાં લાગી આવતા તે ઘરેથી સાઈકલ લઈને નીકળી ગયો હતો. જોકે તે વધુ ક્યાંક આગળ નીકળી જાય કે તેની સાથે અન્ય કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં જ પોલીસે તેને શોધી લેતા પરિવારને હાશકારો થયો હતો.

કેબીસીની તર્જ પર રોટરી ક્લબ ઓફ કેપીટલનું 'કૌન બનેગા પોલિયો વૉરિયર્સ'

ગાંધીનગર, તા.૨૪

આજે વિશ્વ પોલિયો દિવસ હતો અને આ નિમિત્તે ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા કોવિડ-૧૯ મહામારીની સ્થિતિમાં નવતર પ્રયોગ વડે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં 'વિશ્વ પોલિયો દિવસ' નિમિત્તે કૌટુંબિક કાર્યક્રમ 'કૌન બનેગા પોલિયો વોરિયર્સ ક્વીઝ'નું આયોજન સેકટર-૨૩ના નિસર્ગ સાયન્સ કોમ્યુનીટી સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.

ભારતીય હિન્દી સિનેજગતના સૌથી સફળ અને લોકપ્રિય મિલેનિયમ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સંચાલિત ટીવી ક્ષેત્રે ખૂબ જ પ્રસંશા પામેલ રીયાલીટી શો કેબીસીની તર્જ પર યોજાયેલ 'કૌન બનેગા પોલિયો વોરિયર્સ ક્વીઝ'ના પ્રારંભે કલબના દિમ્પિબહેન સાબાપારાના ફોર વે ટેસ્ટનું વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલબના પ્રમુખ ઈલાબહેન વૉરાએ ઉપસ્થિત સહુને આવકાર્યા હતા અને 'કૌન બનેગા પોલિયો વૉરિયર્સ' ક્વીઝ સંચાલક અને કલબના સચિવ હસમુખ મેકવાને પોલિયો વિષયક ક્વીઝ પુછવાની જવાબદારી નિભાવી હતી. ક્વીઝમાં સંસ્થાના સભ્યો જોડાયાં હતા અને અરવિંદભાઈ રાણા અને રાજીવ ભંડારીએ પોલિયો વિષયક સવાલોના સાચા જવાબો આપ્યા હતા. ક્વીઝના કેટલાંક અટપટા સવાલોના ઉત્તરો માટે ઉપસ્થિત ક્વીઝ એક્ષપર્ટ ડૉ. અનિલભાઈ પટેલ તેમજ રોટેરીયન મિત્રો જગતભાઈ કારાણી, અમીબહેન શાહ, દિમ્પિબહેન સાબાપારાએ મદદ દ્વારા અરવિંદ ભાઈ રાણા અને રાજીવ ભંડારી પોલિયો વૉરિયસ તરીકે જાહેર થયા હતા.

આ પ્રસંગે નિસર્ગ સાયન્સ કોમ્યુનીટી સેન્ટરના અધ્યક્ષ અને ક્વીઝ એક્ષપર્ટનું કલબના પ્રમુખ ઈલાબહેન વૉરા દ્વારા પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. કલબ સચિવ હસમુખ મેકવાન દ્વારા આભાર વિધિ દ્વારા ક્વીઝનુ કાર્યક્રમ સમાપન થયું હતું.

આ કાર્યક્રમમાં કલબના અગ્રણીઓ જગતભાઈ કારાણી, યુવરાજસિંહ વાઘેલા, અરવિંદભાઈ રાણા, અમીબહેન શાહ, ગૌરાંગભાઈ રાવલ, દિમ્પિબહેન સાબાપારા, અશ્વિનભાઈ શર્મા, રાજીવ ભંડારી ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

વિપીનભાઈ ઓઝા
મો. ૮૪૮૮૯૦૩૫૭૯

આર સી રાવલ
મો. ૯૪૮૪૬ ૨૩૩૫૬

મીત દિલીપ રાજ

સે-૩ ન્યુના અવાવરૂ કૂવામાં પડી ગયેલી કૂતરીને ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢી

ત્રણ નવજાત ગલૂડિયાંની માતા એવી કૂતરી આખી રાત કૂવામાં રડતી હતી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૩ ન્યુમાં આરટીઓ કચેરીના પાછળના જંગલ વિસ્તારમાં એક અવાવરૂ કૂવામાં ગઈ કાલે રાત્રે એક માદા શ્વાન પડી જવા પામ્યું હતું. તાજા ત્રણ નવજાત બચ્ચાંની માતા એવી આ કૂતરીને બહાર કાઢવા માટે સ્થાનિક રહીશો તથા શ્રમિકો દ્વારા પ્રયાસો બાદ અંતે ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી અને ફાયરબ્રિગેડની ટીમે એક કલાકની જહેમત બાદ કૂતરીનો હેમખેમ બહાર કાઢવામાં સફળતા મેળવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગરની આરટીઓ કચેરીના પાછળના ભાગે જયાં વનવિભાગ હસ્તકનું જંગલ આવેલું છે તે સેકટર ૩ ન્યુના વિસ્તારમાં એક અવાવરૂ કૂવો આવેલો છે. આ કૂવામાં ગઈ કાલે રાત્રે એક કૂતરી ખોરાકની શોધમાં અંદર પડી જવા પામી હતી અને આખી રાત કૂવામાંથી તેના રડવાના અવાજો આવતા હતા. આ અવાજો સાંભળીને આ વિસ્તારમાં ઝૂંપડા બાંધીને રહેતા શ્રમિકો તથા કેટલાંક સ્થાનિક રહીશોએ મળીને સવારથી કૂતરીને હાર કાઢવા જહેમત હાથ ધરી હતી અને કૂવામાં રસ્સીનો ગાળીયો બનાવી ઉતારવામાં આવ્યો હતો પરંતુ કૂવામાં બે બખોલ આવેલી છે તેથી કૂતરી ડરીને તેમાં સંતાઈ જતી હોવાથી સફળતા મળી નહોતી. આખરે થાકીને રહીશોએ આજે સાંજે પાંચકે વાગે સે-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ ગાંધીનગરની ફાયર બ્રિગેડની જાણ કરી હતી. ફાયરબ્રિગેડની ટીમે આવી એક કલાકની જહેમતના અંતે આ કૂતરીને સહી સલામત બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ કૂતરીએ તાજેતરમાં જ ત્રણ બચ્ચાંઓને જન્મ આપ્યો છે જેની હજુ આંખો પણ ખુલી નહોતી તેથી આ કૂતરીના બચાવ સાથે આ ગલૂડિયાંઓને પણ નવી જીંદગી પ્રાપ્ત થવા પામી છે. કૂતરીનો જીવ બચી જતા આસપાસ ભેગા થયેલા વસાહતીઓને પણ હાશ અનુભવાઈ હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મનુભાઈ મનસુખભાઈ નાયક, ઉ.વ. ૬૮, સે-૩-સી, ગાંધીનગર
- સ્વ. હીરાબેન પોપટજી ઠાકોર, ઉ.વ. ૭૬, ફુલેત્રા, તા. કડી
- સ્વ. ધર્મિષ્ઠાબેન રાજેન્દ્રપ્રસાદ ત્રિવેદી, ઉ.વ. ૫૪, રિદ્રોલ, તા. માણસા
- સ્વ. માયાબેન, ઉ.વ. ૭૦, મહિલા ભિક્ષુકગૃહ, ડભોડા
- સ્વ. બબુબેન શનાભાઈ મકવાણા, ઉ.વ. ૬૭, સાબરમતી, અમદાવાદ
- સ્વ. જયંતિભઈ છનાલાલ નાયી, ઉ.વ. ૫૮, નાદરી, તા. માણસા
- સ્વ. ચંદ્રકાન્ત કાનજીભાઈ ગોહિલ, ઉ.વ. ૭૬, અડાલજ, ગાંધીનગર
- સ્વ. ભાસ્કરભાઈ વંઠુભાઈ શીંદે, ઉ.વ. ૬૪, આદિવાડા, ગાંધીનગર
- સ્વ. અખુબેન કેશજી રાઠોડ, ઉ.વ. ૬૦, ચિલોડા મોટા, તા. ગાંધીનગર
- સ્વ. મહેન્દ્રસિંહ વિનુસિંહ રામા, ઉ.વ. ૪૦, ધણપ, તા. ગાંધીનગર
- સ્વ. માણેકભાઈ હીરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૪, નાહોલા, તા.કડી, જી. મહેસાણા
- સ્વ. રામુભાઈ રાવજીભાઈ રાઠોડ, ઉ.વ. ૬૬, વાસણા, જી. અમદાવાદ
- સ્વ. કિંજલબેન ગણપતભાઈ મકવાણા, ઉ.વ. ૧૨, સે-૨૪, ગાંધીનવગર
- સ્વ. શિવજીજન સીતારામ યાદવ, ઉ.વ. ૫૩, છત્રાલ, તા. કલોલ

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ભરતભાઈ ભાસ્કરભાઈ સાળુકે, ઉ.વ. ૬૪, સેકટર-૩-સી, ગાંધીનગર

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કેન્સરપીડિત બાળકોને સેવા પુષ્પ અર્પણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૪

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કેન્સર પીડીત બાળકોને જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત ખુશી વહેંચવાનો પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.

કોરોના મહામારીનો પંજો કેટલી જગ્યાએ પ્રસર્યો છે એ અનુમાન કરવું મુશ્કેલ છે. બાળકો, વૃધ્ધો, બીમાર દર્દીઓ, વિદ્યાર્થીઓ જેવા અનેકના જીવનો અતિ મુશ્કેલ અવસ્થામાંથી પસાર થઈ રહ્યા છે અને ગરીબ કે સંપન્ન દરેક માટે આ કપરો કાળ છે.

અમદાવાદની સિવીલ હોસ્પિટલના કેન્સર વિભાગના બાળકોના વોર્ડમાં છેલ્લા છ માસથી સન્નાટો છવાયેલો હતો. બાળકો અને એના માતા-પિતા કોવિદ-૧૯ ના ડર વચ્ચે કેન્સર જેવી જીવલેણ બિમારીથી પીડાતા પોતાના માસુમ બાળકો સાથે હોસ્પિટલમાં સારવાર અર્થે રહેલા છે. આવા લગભગ ૫૦ જેટલા માસુમ બાળકોના અને તેમના વાલીના ચહેરા પર સ્મિત લાવવાનો શ્રેય લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાને ફાળે જાય છે. ક્લબના મેમ્બર્સે હાથમાં રંગીન ફુગ્ગા અને સુંદર બાળગીતો સાથે બાળકોના વોર્ડમાં દાખલ થઈ ડાન્સ કર્યો હતો. બાળકો એ આશ્ચર્ય સાથે આનંદની લાગણી અનુભવી હતી. દશેરાના તહેવારના ઉપલક્ષમાં રાવણ-રામ-હનુમાન અને સેનાપતિના પાત્રો ક્લબના મેમ્બર્સે ભજવ્યા હતા અને સરસ મજાના કોમેડી નાટક દ્વારા બોધપાઠ આપી સહુને હસાવ્યા હતા. બાળકોના ચહેરા પર હાસ્ય જોઈ માતા-પિતાની આંખો ભરાઈ આવી હતી. પોતાનો જન્મદિવસ ઉજવી રહેલા કેન્સરની સારવાર હેઠળના બે બાળકોના પરિવારે આભારની લાગણી અભિવ્યક્ત કરી હતી.

જે બિમારીના નામથી મોટા માણસો પણ ગભરાય એવી આ જીવલેણ બિમારીથી પીડાતા બાળકોને ખુશીની થોડી પળો આપ્યાનો સંતોષ સંસ્થાના પ્રમુખ મમતા રાવલે વ્યક્ત કર્યો હતો અને સાથે કોરોનાના ડર વચ્ચે પણ આ સેવા કાર્યમાં સાથ આપવા બદલ સહુ સાથીઓનો આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીકટ ૩૨૩૨બી-૧ ના ચાઈલ્ડહુડ કેન્સરના ડાયરેકટર રૂપા શાહ તેમજ ભરતભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા હતા. ભૂ.પૂ.પોલીસ અધિકારી તરૂણ બારોટ અને ગાંધીનગરના સિનીયર ગાયનેકોલોજીસ્ટ અને ક્લબના સભ્યો એવા ડૉ. ઊર્વી મહેતા અને ડો. નીતા શેખાતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રૂપલ બિહોલાએ પ્રોજેક્ટ ચેરમેન તરીકે સુંદર કામગીરી કરી હતી. તદઉપરાંત સભ્યો ભારતીબેન રાવલ, સોનલ રાવલ, કુંજલ દાસ, મનીષા પટેલ, કૃતજ્ઞા વસાવડા, જાગૃતિ વ્યાસે આ સેવાકાર્યમાં હાજર રહી સુંદર સહકાર આપ્યો હતો.

અડાલજથી ગાડીમાં મુસાફરને બેસાડી ઠગ ટોળકીએ દોઢ લાખ સેરવી લીધા

ગાંધીનગર, તા.૨૪

અડાલજ પીકઅપ બસ સ્ટેન્ડથી મુસાફર તરીકે ગાડીમાં બેસાડી ઠગ ટોળકીએ દોઢ લાખ સેરવી લીધાનો બનાવ સામે આવ્યો છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ હસમુખભાઈ છનાભાઈ રાવળ (રહે. બલોલ, જી. મહેસાણા) પાલા-વાસણા ચોકડી ખાતે આવેલી ઓટો કન્સલટન્ટ ઓફિસ ખાતે નોકરી કરે છે. તા. ૨૧ ઓકટોબરના રોજ બપોરે સાડા બાર વાગ્યાના સુમારે તેઓ ઓફિસથી સરખેજ ખાતે ગાડી લેવા માટે નીકળ્યા હતા. જેથી શેઠે હસમુખભાઈને દોઢ લાખ રોકડા આપ્યા હતા. ગાડીનો સોદો કેન્સલ થતા તેઓ પરત મહેસાણા જવા માટે નીકળ્યા હતા. સરખેજથી રીક્ષામાં બેસી તેઓ અડાલજ આવી ગયા હતા. અડાલજથી મહેસાણા જવા ગાડીની રાહ જોઈને ઉભા હતા. બપોરના ત્રણ વાગ્યાના અરસામાં સફેદ કલરની ઈનોવા કાર આવી હતી જેમાં ડ્રાઈવર અને પાછળની સીટમાં બીજા ત્રણ વ્યકિત બેઠા હતા. ઈનોવામાં બેઠા પછી હસમુખભાઈને બે ત્રણ વાર આઘા પાછા કર્યા હતા. ત્યારબાદ ભીડ પડતી હોવાથી કાર ઉભી રાખીને તેઓને પાછળ બેસી જવાનું કહ્યું હતું. જેથી કારમાંથી ઉતરીને તેઓ પાછળ બેસે તે પહેલા જ ઈનોવા ચાલકે કાર ભગાવી દીધી હતી ત્યારબાદ શંકા જતા તેમણે પેન્ટનું ખિસ્સું ચેક કરતા અંદરથી રૂપિયા ગુમ હતા જેથી મહેસાણા પહોંચી તેમણે શેઠને જાણ કરી હતી. બનાવ અંગે હસમુખભાઈ રાવળે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

ઝુંડાલ પાસે કારમાંથી વિદેશી દારૂની ૧૬૮ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૪

ઝુંડાલ નજીકથી કારમાંથી વિદેશી દારૂની ૧૬૮ બોટલ પોલીસે પકડી પાડી હતી. આરોપીઓ વિજીલન્સનું બોર્ડ અને ગાડીની નંબર પ્લેટ ખોટી લગાવી ફરી રહ્યા હતા. એલસીબી-૨ પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂ. ૩,૭૬,૪૪૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલીસીબી-૨થી આઈ.એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીગમાં હતા તે સમયે કેવલસિંહ અને રાકેશસિંહને બાતમી મળી હતી. જેમાં દારૂના કેસમાં પહેલા પકડાયેલ આરોપી પ્રદિપસિંહ જાડેજા (રહે. એફ-૩૦૧, સંગાથ લાઈફ સરગાસણ) અને અન્ય વ્યકિત દારૂનો જથ્થો લઈને નીકળ્યા હોવાની બાતમી મળી હતી. બાતમીવાળી કાર દેખાતા તપોવન સર્કલ પાસે કારને રોકવાનો ઈશારો કર્યો હતો. પરંતુ કાર ચાલકે કાર દોડાવી મુકી હતી. જેથી પોલીસે પીછો કરતા ઝુંડાલ નજીકથી કાર મળી આવી હતી. પરંતુ કારમાંથી કોઈ વ્યકિત મળી આવ્યો ન હતો. પોલીસે ગાડી ચેક કરતા રૂ. ૭૬,૪૪૦ની નંગ ૧૬૮ બોટલ મળી આવી હતી. કારમાંથી પોલીસ અને વિજીલન્સ લખેલા બોર્ડ મળી આવ્યા હતા. જયારે ગાડી પરનો નંબર જીજે-૦૧-આર.સી. ૪૫૫૮ તપાસ કરતા ટ્રેકટરનો હોવાનું માલુમ પડયું હતું. પોલીસે કાર અને દારૂ મળી કુલ રૂ. ૩,૭૬,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.